## ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગર

બોર્ડ/૬૬/૫૩૨ — તા.૧૦/૪/૨૩

શ્રી સીની.બ્રાન્ચ મેનેજર/બ્રાન્ચ મેનેજર,
શાખા :......................(તમામ)

**વિષયઃ- તા.૧/૫/૨૩થી લોકર્સના ભાડાના દરમાં વધારો કરવા બાબત.**

જયભારત સાથે ઉપરોકત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે, તા.૩૧/૩/૨૩ની એકઝીકયુટીવ કમીટીની મીટીંગમાં નકકી કર્યા પ્રમાણે તા.૧/૫/૨૩થી નીચે મુજબના લોકર્સ ભાડા જીએસટી.સહિત લેવાનો નિર્ણય કરેલ છે.

| લોકર્સનો વર્ગ | સીબીએસ સબ કેટગરી | વાર્ષિક ભાડાનો દર રૂા. | જીએસટી.રકમ રૂા. | કુલ્લે રકમ રૂા. |
|---|---|---|---|---|
| ''એ'' | 0101:SDL-A-LOCKERSIZE-A-SMALL | ૧૧૦૦-૦૦ | ૧૯૮-૦૦ | ૧૨૯૮-૦૦ |
| ''બી'' | 0401:SDL-B-LOCKERSIZE-B-SMALL | ૧૨૦૦-૦૦ | ૨૧૬-૦૦ | ૧૪૧૬-૦૦ |
| ''સી'' | 0201:SDL-C-LOCKERSIZE-C-MEDIUM | ૧૪૦૦-૦૦ | ૨૫૨-૦૦ | ૧૬૫૨-૦૦ |
| ''ઈ'' | 0501:SDL-E-LOCKERSIZE-E-MEDIUM | ૧૫૦૦-૦૦ | ૨૭૦-૦૦ | ૧૭૭૦-૦૦ |
| ''એફ'' | 0301:SDL-F-LOCKERSIZE-F-LARGE | ૧૬૦૦-૦૦ | ૨૮૮-૦૦ | ૧૮૮૮-૦૦ |
| ''એચ'' | 0601:SDL-H-LOCKERSIZE-H-LARGE | ૧૭૦૦-૦૦ | ૩૦૬-૦૦ | ૨૦૦૬-૦૦ |
| ''એચ-૧'' | 0701:SDL-H1-LOCKERSIZE-H1-MEDIUM | ૧૪૦૦-૦૦ | ૨૫૨-૦૦ | ૧૬૫૨-૦૦ |

સૂચનાઃ-

૧. આ નવીન દરો તા.૧/૫/૨૩થી અમલમાં આવે છે એટલે કે તા.૧/૫/૨૩થી જે નવીન ખાના ભાડે અપાય તેની ઉપર નવીન દરે ભાડુ વસુલ કરવું.

૨. જુના ભાડુઆત કે જેના ભાડાની મુદત તા.૩૦/૪/૨૩ પછીથી પુરી થતી હોય તેમની પસોથી રીન્યુ કરતી વખતે નવીન ધોરણે ભાડાની રકમ વસુલ મેળવવાની છે.

૩. તા.૩૦/૪/૨૩ સુધીમાં જેના ભાડાની મુદત પુરી થતી હોય અને તે ચાલુ વર્ષમાં ગમે ત્યારે લોકર્સ રીન્યુ કરાવવા આવે ત્યારે નવીન ધોરણે ભાડુ વસુલ મેળવવાનું રહેશે.

૪. લોકર્સનું ભાડુ પાકતી તારીખ/ડ્યુ તારીખથી એક માસની અંદર ભાડુઆત,ભાડુ ભરાવે તો કોઇ જ વધારાનુ ભાડુ વસુલ લેવાનુ રહેતુ નથી. વધારાના લોકર્સ ભાડા અંગે નીચે જણાવેલ સૂચનાઓ પ્રમાણે અમલ કરવાનો રહેશે.

એ) પાકતી તારીખ/ડ્યુ તારીખથી એક માસ બાદ અથવા એક માસ કરતા વધારે સમય બાદ ભાડુ ભરાવે તો ડ્યુ તારીખથી દરેક માસના રૂા.૧૦૦/-પ્રમાણે વધારાના ભાડાના વસુલ કરવાના રહેશે. પંદર દિવસથી વધારાના દિવસોની ગણત્રી આખા માસમાં ગણાશે.લોકર્સનુ ભાડુ પાકતી તારીખથી એક માસ સુધીમાં ભાડુઆત ભરશે નહી તો તે અંગેની જાણ કરવા મોકલાતા રજી.એડી પત્રોનો ખરેખર ચાર્જ વસુલ લેવાનો રહેશે.

દા.ત.ડ્યુ તારીખઃ૯/૧૦/૧૨ છે ભાડુ તા.૧૬/૧૧/૧૨ના રોજ ભરાવે છે તો તા.૯/૧૦/૧૨થી૨૬/૧૧/૧૨ સુધીના સમય ગાળા ઉપર વધારાનુ ભાડુ વસુલ લેવાનુ રહે જે દરેક માસનુ રૂા.૧૦૦/-પ્રમાણે કુલ્લે રૂા.૨૦૦/-વધારાનુ ભાડુ થશે. વધારાની ભાડાની રકમ ''લોકર્સ ભાડા''ના હેડ નીચે જ જમા લેવાની છે. સીબીએસ.પ્રોગ્રામમાં વધારાનુ ભાડુ ગણાતુ ન હોય તો મેન્યુઅલ ગણી વસુલ લેવાની રહેશે.

બી) ભાડુઆત પાસેથી વસુલ કરેલ વધારાના ભાડાની રકમ ભાડુઆતને આપવાની પહોંચ''વધારાના ભાડાના'' એવી વિગતથી અલગ દર્શાવવાની રહેશે.

સી) વસુલ લેવામાં આવેલ વધારાના ભાડાની રકમની નોંધ સેઇફ ડીપોઝીટ લોકર્સ રજીસ્ટર તથા લોકર્સ ભાડાના માસીક રજીસ્ટરમાં સ્પષ્ટ દર્શાવવાની રહેશે.

ડી) ડ્યુ થઇ ગયેલ ભાડા માટે ભાડુઆતને પાઠવેલ તમામ સ્મૃતિપત્રોમાં વધારાના ભાડાની રકમ અલગ સ્પષ્ટરીતે દર્શાવવાની રહેશે.

ઈ) ઉપરોકત વિગતે જણાવેલ વધારાની ભાડાની રકમ મોડુ ભાડુ ભરતા દરેક ગ્રાહક પાસેથી વસુલ કરવાનુ રહેશે. તેમાં છુટછાટ મુકવાની કોઇ જ જોગવાઇ ન હોઇ ભાડુ વસુલ કરનાર કર્મચારીએચુસ્તપણે તેનો અમલ કરવાનો રહેશે.

એફ) ભાડાના નવીન દર અંગેની જાણ દરેક લોકર્સ ધારકને થાય તે માટે નોટીસ બોર્ડ ઉપર નવીન દર લખશો.

ચીફ એકઝીકયુટીવ

નકલ રવાનાઃ-

૧. શ્રી જન.મેનેજર/આસી.જન.મેનેજર(તમામ)તરફ જાણ સારૂ.
૨. '' બ્રાન્ચ ઈન્સ્પેકટીંગ ઓફીસર(તમામ)વ.ક.હિંમતનગર તરફ જાણ સારૂ.
૩. '' વ.ક.ના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.
૪. '' પ્રોજેકટ મેનેજર,સીબીએસ,કોમ્પ્યુ.વિ.તરફ જાણ તથા સીબીએસ.પ્રોગ્રામમાં લોકર્સ ભાડામાં ઉપર મુજબનો સુધારો નિયત તારીખમાં થઇ જાય તે જોવા સારૂ.